# નવસારી-વલસાડ-ડાંગ-સંઘપ્રદેશ

ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ

**નવસારી કાર્યાલય :** ૧૦૧, સુનિતા એપાર્ટમેન્ટ, બળદેવ પાન સેન્ટર સામે, નાગરવાડ,નવસારી ફોન નં.(૦૨૬૩૭) ૨૬૧૬૬૬, ૯૪૨૬૧૮૯૫૩૩ navsari@gujaratmitra.in **બીલીમોરા :** ૯૮૨૫૬૫૫૨૧૫ **ચીખલી :** ૯૭૨૭૪૭૦૭૧૫ **વાંસદા :** ૯૪૨૭૧૨૦૧૧૧.
**સાપુતારા :** ૯૫૭૪૬૫૯૬૨૪, **વાપી કાર્યાલય :** ૧૨૪, પહેલો માળ, ગોવિંદા કોમ્પ્લેક્ષ, GIDC ચાર રસ્તા, વાપી. ફોન : ૦૨૬૦-૨૪૨૪૬૪૬, ૯૯૦૯૯૯૫૨૧૧ vapi@gujaratmitra.in **દમણ:** ૯૯૯૮૯૬૩૨૨૫ **ઉમરગામ :** ૯૯૦૪૧૯૩૫૨૮
**વલસાડ કાર્યાલય:** ૬, પહેલા માળે,જુના બંબાખાના શોપીંગ સેન્ટર, રામરોટી ચોક, વલસાડ, ફોન- ૦૨૬૩૨-૨૫૯૩૩૩, ૮૯૯૯૮૩૩૩૩૩ **ધરમપુર :** ૯૫૩૭૨૫૫૮૭૨ **પારડી:** ૯૫૮૬૪૮૭૪૭૪





## ધરમપુરના કલાત્મક ત્રણ દરવાજાએ જાળવણીના અભાવે આકર્ષણ ગુમાવ્યું

**દરવાજા પરનું** પ્લાસ્ટર ઉખડી ગયું, લીલ બાઝી ગઈ

ધરમપુર, તા.૨૦: ધરમપુર શહેરના પ્રવેશદ્વાર એવા કલાત્મક ત્રણ દરવાજાનું એક તરફનું પ્લાસ્ટર ઉખડી રહયું છે. વધુમાં લીલ બાઝવાને લઈ આગામી દિવસોમાં વધુ નુકશાનીની શકયતા નકારી શકાય તેમ નથી. રાજાશાહી સમયની ઐતિહાસિક આ ઈમારત જતન માંગી રહી છે.

ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં રાજાશાહી સમયના ત્રણ દરવાજા હજી આજે પણ અડીખમ ઉભા છે. શહેર વિસ્તારની શાન એવી આ ઈમારતના બે તરફના ભાગને તંત્ર દ્વારા સાફસફાઈ તથા રંગરોગાન કરાયું હતું. પરંતુ બાકીની બે તરફના ભાગની અગમ્ય કારણસર કાળજી લેવામાં આવી ન હતી. જેને લઈ આ બંને તરફના ભાગના પ્લાસ્ટરના પોપડા ખરી રહયા છે. હાલે ચોમાસાની વરસાદી ઋતુમાં જેના ઉપર લીલ બાઝી ગઈ છે. આ ઈમારતની કાળજી અને જતન માટે અવારનવાર બુમરાણ અને રજૂઆતો થતી આવી છે. તંત્ર દ્વારા પણ અવારનવાર સાફસફાઈ કરવામાં આવતી હોય છે. પરંતુ માર્ગની બંને તરફના ભાગની કાળજી લઈ રંગરોગાન કરાયું છે. પરંતુ બાકીની બે બાજુઓની કાળજી ન લેવાતા લોકોમાં આશ્ચર્ય જોવા મળી રહયું છે. જે અંગે નગરપાલિકા તંત્ર હરકતમાં આવે અને બાકી રહેલી કામગીરી પૂર્ણ કરાવે એવી નગરજનો આશા સેવી રહયા છે.

## પીટીસીના તાલીમાર્થીઓને સરકારની ટેબ્લેટ યોજનાથી બાકાત રખાતા નારાજગી

**ડીજીટલ** યુગમાં લઇ જવાના દાવા કરતી સરકારનું ભાવિ શિક્ષકો સાથે ઓરમાયુ વર્તન!

વલસાડ: રાજ્યના ભાવિ શિક્ષક અને પી.ટી.સી. કરેલા તાલીમાર્થીઓને સરકારની ટેબ્લેટ આપવાની યોજનાથી વંચિત રાખવામાં આવતા નારાજગી ફેલાઇ છે.

એક સમયે સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની નોકરી મેળવવા પીટીસી કરવા ધસારો રહેતો હતો. જોકે શિક્ષણના નિયમો બદલાયા અને પી.ટી.સી. કોલેજોથી વિદ્યાર્થીઓ દુર થતા કોલેજો ખાલીખમ જોવા મળી રહી છે. સરકારે પીટીસી કોલેજોથી મો ફેરવી લીધુ હોઇ તેમ લાગે છે. ધો.૧૨ પાસ કરનાર અને કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂા.૧ હજારના ટોકનદરથી ટેબ્લેટ આપવાની યોજના અમલમાં મુકી છે. પરંતુ પીટીસી તાલીમાર્થીઓને આ ટેબ્લેટ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે જેને લઇ તાલીમાર્થીઓમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે. વલસાડ જીલ્લાની પીટીસી કોલેજોમાં વાલીઓ દ્વારા ટેબ્લેટ યોજના અંગે પૂછપરછ કરતા પીટીસી તાલીમાર્થીઓને ટેબ્લેટ ફાળવવા અંગેનો કોઇ પરિપત્ર નહીં આવ્યો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આમ દેશને ડીજીટલ યુગમાં લઇ જવાનો સંદેશો આપતી સરકાર પાયાનું શિક્ષણ આપવાનું કાર્ય કરતી સંસ્થાના તાલીમાર્થીઓને 'ટેબ્લેટ'થી વંચિત રાખી રહી છે.

## દમણની સુંદરતા ઘટી રહી છે, બગીચા વેરાન બની રહ્યા છે, એને સુધારો



**દિવાળી પહેલા** પર્યટન સ્થળોનો વિકાસ કરવા ભાજપના ઉપાધ્યક્ષની પર્યટન સચિવને રજૂઆત

દમણ: સંઘ પ્રદેશ દમણનાં વિવિધ પર્યટન સ્થળોની ખરાબ અને ખસ્તા હાલતને કારણે પર્યટકો પર પ્રદેશની છબી બગડી રહી છે, જેથી દમણ ભાજપા પાર્ટીનાં જિલ્લા ઉપાધ્યક્ષ દ્વારા પર્યટન સચિવને પત્ર પાઠવી બિસ્માર બનેલા સ્થળોનું પુનઃ નિર્માણ કરવાની માંગ કરી છે.

દમણ ભાજપા પાર્ટીનાં જિલ્લા ઉપાધ્યક્ષ યતિન રાણા દ્વારા દમણ પર્યટન વિભાગનાં સચિવ પૂજા જૈનને એક પત્ર પાઠવી જણાવ્યું છે કે, દમણ પ્રશાસન દ્વારા અગાઉ બનાવેલા ગાર્ડન હાલ ખરાબ અવસ્થામાં જોવા મળી રહ્યા છે. મોટી દમણ કિલ્લાનાં પ્રવેશ દ્વારા પાસે પી.ડબલ્યુ.ડી. દ્વારા બનાવાયેલો ગાર્ડન પણ જરૂરી જાળવણીનાં અભાવે ખરાબ જઈ જવા પામ્યો છે. આ તરફ નાની દમણ જેટી પાસે બનાવેલા ગાર્ડનની પણ દુર્દશા જોઈ પર્યટકો ત્યાં જવાનુ ટાળી રહ્યા છે. મોટી દમણ બામણપૂજા હાઈવે પાસે બનેલા ૨ ઘડીયાળનાં સમય પણ જુ દા જુ દા બતાવી રહ્યા છે. રાજીવગાંધી સેતુ પુલ પર પણ પહેલા જે ફુલોનાં કુંડા મુકવામાં આવ્યા હતા. તે પણ હટાવી દેતા સુંદરતામાં વધારાની જગ્યાએ ઘટાડો થવા પામ્યો છે. વરકુંડ સ્થિત બનાવાયેલ લાઈટીંગ ફુવારો પણ બંધ હાલતમાં જોવા મળી રહ્યો છે. શહેરનાં મુખ્ય માર્ગો પર બનાવેલા પુતળા પણ જરૂરી જાળવણીને લઈ સાચા અર્થમાં પુતળાજ સાબિત થઈ રહ્યા છે. ત્યારે આ તમામ હરવા ફરવા લાયક પર્યટન સ્થળોની દુર્દશાને જોઈ દમણની સહેલગાહે આવતા પર્યટકો પર પ્રદેશની છબી બગડી રહી છે. ત્યારે દમણ પર્યટન વિભાગ અને પ્રશાસન આવનારા દિવાળી વેકેશનને ધ્યાન પર લઈ પ્રદેશનાં તમામ હરવા ફરવા લાયક સ્થળોનું જરૂરી સમારકામ અને એની સુશોભનમાં વધારો કરવાની માંગ કરી છે. સાથે પર્યટકોની સંખ્યામાં વધારો કરવા નવા પર્યટન સ્થળોનું નિર્માણ કરવા પણ અરજ કરવામાં આવી છે.

### ■ સંક્ષિપ્ત સમાચાર ■

### નવસારીમાં વરસાદનો વિરામ અને મહત્તમ તાપમાન ઉંચુ રહેતા ગરમીથી લોકો ત્રસ્ત

નવસારી: નવસારી જિલ્લામાં મેઘરાજાએ સંપૂર્ણ વિરામ ફરમાવ્યો છે. જિલ્લાના છએ છ તાલુકાઓ વરસાદ વિનાના કોરા રહ્યા હતા. જયારે મહત્તમ તાપમાન 30 ડીગ્રી સે.થી ઉંચુ રહેતા લોકો ગરમીથી ત્રસ્ત થયા હતા. કૃષિ યુનિવર્સિટી પાસેથી મળતી માહિતી મુજબ શનિવારે મહત્તમ તાપમાન ૩૨ ડીગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૪ ડીગ્રી સે. નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૯૭ ટકા હતું. જે બપોર બાદ ઘટીને ૭૮ ટકા રહ્યું હતું. મહત્તમ ઉંચા તાપમાન તથા વાતાવરણમાં ભેજના ઉંચા પ્રમાણને કારણે સતત બીજે દિવસે પણ લોકોને ગરમી તથા બફારાએ અકળાવ્યા હતા. દિવસભર દક્ષિણથી પશ્ચિમ દિશા તરફના પ્રતિ કલાક ૫.૯ કિ.મી.ની ઝડપે પવન ફુંકાયો હતો.

### વલસાડની આવાંબાઇ હાઇસ્કૂલમાં સોમવારે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાશે

વલસાડ: વલસાડની આવાંબાઇ હાઇસ્કૂલમાં ૨૫ સપ્ટેમ્બરે એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે. જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી, વલસાડ અને જીલ્લા માધ્યમિક શાળા વિજ્ઞાન મંડળના ઉપક્રમે ૨૫ સપ્ટેમ્બરે ટકાવ વિકાસ માટે નાવિન્યતા, નવીનિકરણ વિષય પર યોજાનારા પ્રદર્શનનું ઉદ્દઘાટન ડો. પેશી કુલવાડીવાલા અને બોમી મેહરનોશ કરાશે. ઇનામ વિતરણ એ જ દિને સાંજે ૪ કલાકે યોજાશે.

### સાદકપોર ગામ પાસેથી રૂા.૧.૫૮ લાખના દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ઘેજ: ચીખલીના સાદકપોર ગામે સ્ટેટ મોનીટરીંગ સેલે છાપો મારી ૧.૫૮ લાખ રૂપિયાનો દારૂ સાથે એકને ઝડપી પાડી ત્રણને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી. શુક્રવારની રાત્રે બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સાદકપોરના નાની કોળીવાડમાં ભગુભાઇના ઘરે છાપો મારતા ત્યાં કંઇ ન મળી આવતા તેમના ઘરથી ૧૦૦ મીટર દૂર આવેલી બંધ દુકાનમાં તપાસ કરતા ત્યાંથી વિદેશી દારૂની બોટલ ૧૨૦૬નો ૧,૫૮,૨૦૦ રૂપિયાનો જથ્થો મળી આવતા તેની સાથે એક મોબાઇલ ફોન અને રોકડા ૯૩૦૦ રૂપિયા મળી કુલ ૧,૨૭,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ભગુભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉં.વ.૪૧ રહે. સાદકપોર નાની કોળીવાડ)ની અટક સાથે દારૂનો જથ્થો ભરાવનાર દમણ વોકડના શૈલેષભાઇ નામના તથા સફેદ રંગની સ્વીફ્ટ કારમાં દારૂનો જથ્થો આપી જનાર બે અજાણ્યા શખ્સો એમ કુલ ત્રણને વોન્ટેડ જાહેર કરી, વધુ તપાસ સ્થાનિક પોલીસે હાથ ધરી હતી.

### મરોલીના યુવાનનું વિજ કરંટ લાગવાથી મોત

નવસારી: મરોલી ગામે ડી.પી. ઇલેકટ્રીક ટ્રાન્સફોર્મર પાસે વિજ કરંટ લાગતા યુવાનનું મોત થયું હોવાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે. જલાલપોર પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ જયદીપસિંહ પ્રવીણસિંહ ચૌહાણ (ઉં.વ.૨૧) સુરત રોડ નં. ૧૭ ઉદ્યોગ નગર સરકારી આવાસમાં રહે છે. ગઇ તા.૨૨-૯-૨૦૧૭ના રોજ સવાર ૧૧.૦૦થી ૧૨.૨૦ કલાકના સમયગાળા દરમિયાન જયદીપસસિંહ મરોલી ગામના મનીષ પેકેજીંગ કોલોની પાસે ડી.પી. ટ્રાન્સફર પાસે કોઇ કામ અર્થે હાજર હતા. દરમ્યાન તેઓ અકસ્માત રીતે ડી.પી. ઇલેક્ટ્રીક ટ્રાન્સફોર્મરમાંથી વિજ કરંટ લાગવાથી તેઓ ઇજા પામ્યા હતા. ઇજા પામેલા જયદિપસિંહને ત્યાં હાજર રાહદારીઓએ તેમને તાત્કાલિક મરોલી સી.એચ.સી.માં સારવાર માટે દાખલ કર્યા હતા. જ્યાં ફરજ પર હાજર ડોકટર કાનંદાબેને તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ડો. કાનંદાબેન પટેલે જલાલપોર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે પી.એમ.ની તજવીજ કરી આગળની વધુ તપાસ હે.કો. મહમદ રફીકને સોંપી છે.

### નવસારીમાં પી.સી. એન્ડ એન.ડી.ટી. સેમિનાર યોજાયો

નવસારી : મંગળવારે નવસારીના એરૂ ગામે અવધ રેસીડેન્સી ખાતે આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત નવસારી અને ગાયનેક સોસાયટી નવસારીના સહયોગ સાથે પી.સી. એન્ડ એન.ડી.ટી. સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં નવસારી જિલ્લા વિકાસ અધિકારી તુષાર સુમેરા, ડો. મેહુલ ડેલીવાલા, નવસારી ઇ.એમ.ઓ., ડો. પી. એન. કન્નર અને નવસારી ગાયનેક સોસાયટીના પ્રમુખ ડો. નરેન્દ્ર ગજ્જર હાજર રહ્યા હતા.

નવસારી જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અને નવા સુધારાઓ વિશેની સમજ અપાઇ હતી. ત્યારબાદ નવસારી ગાયનેક સોસાયટીના પ્રમુખ ડો. નરેન્દ્ર ગજ્જરે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટમાં ગાયનેકોલોજીસ્ટ ડોકટરોની જવાબદારી અને સહયોગ તેમજ આરોગ્યની વિવિધ યોજનાઓ વિશેની માહિતી આપી હતી. જીલ્લા આર.સી.એચ. અધિકારી ડો. સુજીત પરમારે ગુજરાત સરકારના ઓનલાઇન સોફ્ટવેર ઇ-મમતા વિશેની સમજ આપી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી તુષાર સમેરા તથા ડો. પી. એન. કન્નર અને ડો. સુજીત પરમારે ગાયનેકોલોજીસ્ટ ડોકટરોને તેમની હોસ્પિટલોમાં થતી સગર્ભા મહિલાની નોંધણીની માહિતી પૂરી પાડી પોતાનો સહયોગ આપવા બાબતની ચર્ચા ગાયનેકોલોજીસ્ટ ડોકટરો સાથે કરી હતી. જીલ્લા વિકાસ અધિકારી તુષાર સુમેરાએ વધુમાં જણાવ્યું હતું કે નવસારી જીલ્લાના તમામ ગાયનેકોલોજીસ્ટ ડોકટરોને પોતાની હોસ્પિટલોમાં થતી બધી જ સગર્ભા મહિલાઓ માહિતી આપી પોતાનો સહયોગ આપવા અનુરોધ કરાયો હતો. જેથી બધી જ સગર્ભા મહિલાઓની એન્ટ્રી ઇ-મમતા સોફ્ટવેરમાં કરી શકાય અને દરેક માતા અને શિશુને આરોગ્યની સંપૂર્ણ સેવા આપી શકાય.

## નવસારીમાં ચોરીના મોબાઈલ સાથે ૨ સગીર સહિત ત્રણ ઝડપાયા

**પોલીસે** કુલ રૂા. ૫૭૬૦૦નો મુદ્દામાલ કબજે લઇ વધુ તપાસ હાથ ધરી

નવસારી: નવસારી એલસીબીની ટીમે બાતમીના આધારે તીઘરા જકાતનાકા પાસેથી ૧૦ ચોરીના મોબાઈલ અને ચાંદીની કંઠી સાથે એક શખ્સ સહિત ત્રણને ઝડપ્યા હતા. પોલીસે તેમની પાસેથી ચોરેલો ૫૭૬૦૦નો મુદ્દામાલ કબજે લઇ વધુ તપાસ હાથ ધરી છે.

એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીના આધારે નવસારીના તીઘરા જકાતનાકા પાસેથી બે સગીરો અને સલમાન ઉર્ફે સલ્લુ રસીદ પઠાણ (રહે. તીઘરા નવી વસાહત) એક પ્લાસ્ટીકની થેલીમાં ચોરેલા અલગ અલગ કંપનીના ૧૦ મોબાઈલ ફોન તથા એક ચાંદીની કંઠી મળી કુલ રૂા. ૫૭૬૦૦નો મુદ્દામાલને લઈ જતા ઝડપી પાડયા હતા.

આ ત્રણેયની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, આ ચોરેલો મુદ્દામાલ ગ્રામ્ય પોલીસ મથકની હદમાંથી ત્રણેયએ ચોરી કર્યો હતો. પોલીસે આ બનાવમાં સલમાન ઉર્ફે સલ્લુ રસીદ પઠાણની ધરપકડ કરી મુદ્દામાલનો કબજો લીધો હતો.

### ઉધનામાં રહેતા મોબાઇલ ચોર નવસારીથી ઝડપાયા

નવસારી: નવસારી એલસીબીની ટીમે બાતમીના આધારે આસીફ સૈયદ, મનોજ ઉર્ફે નનકો જયસ્વાલ (બંને રહે. ઉધના) અને એક સગીરને રૂા. ૪ હજારની કિંમતનો ચોરેલા મોબાઇલ ફોન સાથે ઝડપી પાડયા હતા. પોલીસે આ બનાવમાં ચોરીનો મુદ્દામાલ કબજે લઇ, બે ચોરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## બીલીમોરાના ગૌહરબાગમાં બેંક પાસે કારનો કાચ તોડી રૂા. ૫૦ હજારની ચોરી

**વેપારી બેંકમાં** કામ માટે ગયા ને તસ્કર કારમાંથી રૂપિયા ભરેલી બેગ ઊઠાવી ગયો



બીલીમોરા: બીલીમોરા ગૌહરબાગ જેવા ભરચક વસ્તીવાળા વિસ્તારમાંથી બપોરના સમયે કારનો કાચ તોડી તેમાં મુકેલી ઓફિસ બેગ કોઇક ચોરે ચોરી કરી જતા કારચાલકે તે બેગમાં રહેલી વિવિધ બેંકોની ચેકબુકો, ઓફિસની ચાવીઓ સહિત રોકડા ૫૦ હજારની ચોરીની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે. શુક્રવારે બપોરે બીલીમોરામાં પણ ભરચક ગૌહરબાગ વિસ્તારમાં ગણદેવી પીપલ્સ બેંક પાસે બીલીમોરાના ઉદ્યોગપતિએ તેની રેન્જ રોવર લકઝુરીયસ કાર નંબર જી.જે.૨૧-બીસી-૦૧૧૯ પાર્ક કરીને ગણદેવી પીપલ્સ બેંકમાં ગયા હતા. તેમની ગાડીમાં તેમણે આગળની સાઈડે સીટ ઉપર ઓફિસ પર્સ મુકયું હતું. જેમાં વાહન સર્વિસને લગતા કાગળો, ડોકયુમેન્ટસ, ચાવી તથા ગણદેવી પીપલ્સ બેંક, એક્ષીસ બેંક તથા એચ.ડી.એફ.સી. બેંકની ચેકબુકો સાથે રૂા.૫૦ હજાર રોકડાવાળુ ઓફિસ પર્સ કોઇક ચોર કારનો કાચ તોડી ચોરી કરી ભાગી છૂટયો હતો.

રાગેશ લક્ષ્મીપ્રસાદ દવેએ અજાણ્યા ચોર વિરુધ્ધ બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેની તપાસ પોલીસ કરી રહી છે.

## પારડીમાં કારને અડી જવાથી વરિષ્ઠ નાગરિકને યુવાને ઢીબી કાઢ્યા

**ટર્ન મારતી** વખતે યુવાનની કાર અથડાતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો, જ્યાં સમાધાન થયું

પારડી: પારડીચારરસ્તા હાઈવેના બ્રિજ નીચે વરિષ્ઠ નાગરિક કારને ટર્ન મારતા હતા તે સમયે અન્ય એક યુવાનની કારને અડી જવાથી વરિષ્ઠ નાગરિક જયેશભાઈ જયસુખભાઈ ભારતીયા સાથે યુવાન હર્ષિલ પટેલ વચ્ચે બોલાબોલી થઈ હતી યુવાને કારમાં બેસેલા વરિષ્ટ નાગરિકને કારનો કાચ ખોલવા કહેતા બંને વચ્ચે તકરાર થઈ હતી જ્યાં યુવાન હર્ષિલ પટેલે ઉશ્કેરાઈ જઈ કારનો કાચ ભાંગી નાખી જયેશભાઇ ભારતીયાને ઢીબી કાઢ્યા હતા ઈજાગ્રસ્ત જયેશભાઇ ભારતીયાએ પારડી હોસ્પિટલમાં સારવાર કરાવી હતી આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો પરંતુ વરિષ્ટ નાગરિકને વિદેશ જવાનું હોય જેથી તેઓ પોલીસ પ્રક્રિયામાં પડવા માંગતા ન હોવાથી બંને વચ્ચે સમાધાન થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## સાપુતારામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

સાપુતારા: ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતામાં ગુજરાત ટુરિઝમ સાપુતારાનાં નેજા હેઠળ ઋતુભંરા કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ ઠેર ઠેર સ્વચ્છ ગુજરાત અને સ્વચ્છ સાપુતારાનાં સ્વચ્છતા મિશન અંતર્ગત સાફ સફાઇ અભિયાન હાથ ધર્યું હતું. શુક્રવારે ડાંગના ગિરિમથક સાપુતારાનાં જાહેર સ્થળોએ તથા ગુજરાત ટુરિઝમનાં સ્થળોએ ટુરિઝમ સાપુતારાનાં મેનેજર રાજુભાઇ ભોંસલે તથા શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીનીઓ સાફ સફાઇ અભિયાન હાથ ધરી સ્વચ્છતાનં પગલે ગિરિમથકનાં સૌદર્યનાં અસ્તિત્વ ટકાવવાનાં સુત્રને સિધ્ધ કર્યું હતું. આ પ્રસંગે સાપુતારા ટુરિઝમના મનેજર રાજુભાઇ ભોંસલેએ સાપુતારાનાં કુદરતી સૌદર્ય અને અસ્મિતા જાળવવા માટે ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને સુચારૂ માર્ગદર્શન પુરૂ પાડી સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.



ગિરીશ ગોયે

## ચીખલી અને ગણદેવી તાલુકાના દાવેદારો વચ્ચે ટિકિટ મેળવવા હોડ જામી

**ત્રણ નિરીક્ષકોએ** હોદ્દેદારો અને સભ્યોનો અભિપ્રાય લીધો




ધર્મેશ પટેલ

ઘેજ: ભાજપના નિરીક્ષકો સમક્ષ વિધાનસભાની ગણદેવી બેઠક માટે ૧૭ જેટલાએ દાવેદારી નોંધાવી છે. સાથે કેટલાક દાવેદારો દ્વારા સ્થાનિકને જ ટિકિટ ફાળવવા સામૂહિક રજૂઆત કરતા વર્તમાન ધારાસભ્ય સામેનો વિરોધ બહાર આવી રહ્યો છે.

નવસારી ભાજપ કાર્યાલયમાં ભાજપના છત્રસિંહ મોરી, માનસિંહ પટેલ, અસ્મિતાબેન શિરોયા સહિતના નિરીક્ષકો સમક્ષ ગણદેવી વિધાનસભાની એસટી માટેની અનામત બેઠક માટે અભિપ્રાય લેવાની પ્રક્રિયા હાથ ધરાતા ચીખલી અને ગણદેવી તાલુકાના દાવેદારોએ તેમના સમર્થકો સાથે દાવેદારી નોંધાવી હતી. શરૂઆતમાં ચીખલી અને ગણદેવીના ભાજપના વિવિધ મંડળોના હોદ્દેદારો અને ચૂંટાયેલા સભ્યો સહિતના અપેક્ષિતોને સાંભળ્યા હતા.

આ દરમ્યાન કેટલાક દાવેદારોએ સામૂહિક રજૂઆતમાં ચીખલી અને ગણદેવી તાલુકાના સ્થાનિક દાવેદારને જ ટિકિટ ફાળવવા માટેની લાગણી વ્યકત કરાઇ હોવાનું જાણવા મળ્યું છે. જોકે મહત્તમ દાવેદારો અને તેમના સમર્થકોમાં સ્થાનિકને જ પ્રાધાન્ય આપવા માટેનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે ચીખલી અને ગણદેવી તાલુકાના બહારના અને મતવિસ્તાર બહારના વર્તમાન ધારાસભ્ય સામેનો વિરોધ બહાર આવી ગયો છે. આવા સંજોગોમાં ભાજપના મોવડીમંડળ દ્વારા આવનારી ચૂંટણીમાં ચીખલી-ગણદેવી તાલુકા સિવાય બહારનાને ટિકિટ ફાળવાશે તો ભાજપમાં મોટાપાયે વિરોધ થવાની શકયતા જણાઇ રહી છે.

ભાજપમાં ગણદેવી બેઠક માટે વર્તમાન ધારાસભ્ય મંગુભાઇ પટેલ ઉપરાંત ચીખલી તાલુકાના નરેશભાઇ પટેલ કે જેઓ હાલે જિલ્લા ભાજપના પ્રમુખ છે તથા માજી સાંસદ પુત્ર સુનિલભાઇ પટેલ, ઘેજના ભરતભાઇ પટેલ, ભાજપના મહામંત્રી સમીરભાઇ પટેલ, નવનીતભાઇ ચિતાલી, શંકરભાઇ પટેલ, ખેરગામ ભાજપ પ્રમુખ ચૂનીલાલ પટેલ, ગણદેવી તાલુકામાંથી માજી તાલુકા પ્રમુખ સુમિત્રાબેન પટેલ ઉપરાંત મનુભાઇ પટેલ, નવનીતભાઇ પટેલ, સંધ્યાબેન પટેલ, ચીમનભાઇ હળપતિ સહિત સત્તર જેટલાએ દાવેદારી નોંધાવી છે.

## નવસારીમાં 'સ્વચ્છતા એ જ સેવા' વર્કશોપ યોજાયો

નવસારી : નવસારીમાં એરૂમાં આવેલ ।અવધ રેસીડેન્સીમાં નવસારી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા 'સ્વચ્છતા એ જ સેવા' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવસારી જિલ્લાના તમામ પ્રા. આ. કે. ના મેડિકલ ઓફિસરો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આરોગ્ય વિષયક સુદ્દઢ બની રહે એવી તક સાથે સ્વચ્છતાને લગતી કામગીરી માટે વધારેમાં વધારે લોકો માહિતગાર થાય અને સ્વચ્છતા થાય, તેવા હેતુથી સરકારી સંસ્થાઓ સહિત જાહેર સંસ્થાઓમાં પણ લોકોમાં જાગૃતતા અને સ્વચ્છતા વિશે ગંભીરતા આવે એવી રીતે આયોજિત કરવાનું રહેશે. તા. ૨૪ સપ્ટેમ્બર સુધી આશા સહિત તમામ સ્ટાફની પ્રા.આ.કે. અને તાલુકા કક્ષાની મીટીંગનું આયોજન અને વીએચએસએનસી સાથે સંકલનમાં રહી અઠવાડિયા સુધી જે તે ગામમાં 'શ્રમદાન' દ્વારા સામૂહિક સ્વચ્છતાની કામગીરી કરવાની રહેશે. જેમાં સામૂહિક સ્વચ્છતા, વ્યકિતગત ચોખ્ખાઇ, શૌચાલયના ઉપયોગના ફાયદા સહિત સ્વચ્છતાના તમામ પાયાને લગતી જાગૃતતા વિવિધ દિવસે કાર્યક્રમ કરી કરવા બાબતની ચર્ચા કરાઇ હતી. તમામ સરકારી સંસ્થામાં સ્વચ્છતા અભિયાન સબબ લોકોમાં સ્વચ્છતાને લગતી લોક જાગૃતિ આવે અને કાયમી સ્વચ્છતા જાળવે તેવો અભિગમ કેળવવા બાબતની ચર્ચા કરાઇ હતી.